# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-11-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે PM કિસાન સન્માન નિધિ યોજનાનો 21મો હપ્તો જાહેર કરશે.-રાજ્યના 49 લાખથી વધુ ખેડૂતને સહાય ચૂકવાશે

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ના હસ્તે ગુજરાતને બીજા ક્રમાંકનો રાષ્ટ્રીય જળ પુરસ્કાર એનાયત.

3) S.I.R. પ્રક્રિયા હેઠળ રાજ્યના 99 ટકાથી વધુ મતદારોને ગણતરીપત્રક અપાયાં.

4) સુરતમાં એક કરોડ રૂપિયાથી વધુના કેફી પદાર્થ સાથે આંતર-રાષ્ટ્રીય પ્રવાસીની ધરપકડ

5) વડોદરાના ખેલાડી માનુષ શાહે રાષ્ટ્રીય સ્તરની ટૅબલ ટૅનિસ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM KISAN NIDHI HAPTO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે તમિળનાડુના કોઇમ્બતુરથી "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના "નો 21-મો હપ્તો જાહેર કરશે. આ પ્રસંગે શ્રી મોદી દેશભરના ખેડૂતોને સંબોધિત કરશે.

કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો આ કાર્યક્રમ યોજાશે. યોજનાના 21-મા હપ્તા હેઠળ રાજ્યના 49 લાખ 31 હજારથી વધુ ખેડૂત પરિવારને 986 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાશે. કાર્યક્રમમાં કૃષિ અને બાગાયતની વિવિધ યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય અને મંજૂરીપત્રોનું મુખ્યમંત્રીના હસ્તે વિતરણ કરાશે.

. . . . . . . .

# PREZ WATER AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જળ વ્યવસ્થાપન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ ગુજરાતને રાષ્ટ્રીય જળ પુરસ્કારમાં બીજા ક્રમાંકનો પુરસ્કાર એનાયત કર્યો. નવી દિલ્હી ખાતે સુશ્રી મુર્મૂએ આજે છઠ્ઠા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2024 અને પ્રથમ જળસંચય જનભાગીદારી પુરસ્કાર એનાયત કર્યા. રાષ્ટ્રપતિનાં હસ્તે બનાસ ડેરીને “રાષ્ટ્રીય જળ પુરસ્કાર ” એનાયત કરાયો. ઍશિયાની સૌથી મોટી બનાસ ડેરીને જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન ક્ષેત્રે અદ્વિતીય યોગદાન બદલ મળેલો આ પુરસ્કાર ડેરીના અધ્યક્ષ શંકર ચૌધરીએ સ્વીકાર્યો.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે સુરત મહાપાલિકાને “વરસાદી પાણીના સંગ્રહ – કૅચ ધ રૅઈન ” હેઠળ કરાયેલા કામ બદલ જળસંચય જનભાગીદારી 1. O પુરસ્કાર એનાયત કર્યો. મહાપાલિકાનાં કમિશનર શાલિની અગ્રવાલ, મેયર દક્ષેશ માવાણી સહિતના મહાનુભાવોએ આ પુરસ્કાર સ્વીકાર્યો. આ અંગે મેયરે પ્રતિક્રિયા આપી.

(BYTE: DAXESH MAVANI, MAYOR, SURAT CITY)

. . . .

# CEO ON SIR CAMPAIGN

રાજ્યમાં હાલ મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયાની કામગીરી ચાલી રહી છે. ગાંધીનગરમાં આ અંગે માહિતી આપતા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારિ ત શુક્લાએ કહ્યું , રાજ્યમાં બૂથ સ્તરના અધિકારી – BLO મતદારોને ઍન્યુમરૅશન ફૉર્મ એટલે કે, ગણતરી પત્રક આપશે. અત્યાર સુધી 99.6 ટકા મતદારોને આ પત્રક મળી ગયા છે. આગામી ચાર ડિસેમ્બર પહેલા આ તમામ પત્રક એકત્રિત કરાશે. જ્યારે નવમી ડિસેમ્બરે મુસદ્દા યાદી પ્રસિદ્ધ કરાશે.

હાલ 50 ટકાથી વધુ એવા મતદાર કે , જેમના માતા-પિતા કે દાદાના નામ મળી ગયા હોય તે નવી યાદીમાં જોડવામાં આવ્યા છે.

(BYTE: HAREET SHUKLA, CEO, GUJARAT STATE)

. . . .

# MOCKDRILL TAIYARI

રાજ્યમાં તેલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે આગામી શુક્રવારે 21 નવેમ્બરે રાજ્યસ્તરની મૉકડ્રીલ એટલે કે , પૂર્વ-આયોજિત અભ્યાસ કરાશે. રાજ્યના મુખ્ય પૅટ્રો-રસાયણ કેન્દ્ર ખાતે યોજાનારા આ મૉકડ્રીલ માટેની તૈયારીઓ સુનિશ્ચિત કરવા આજે ગાંધીનગરમાં રાજ્ય કટોકટી વ્યવસ્થાપન કેન્દ્ર – SEOC ખાતે અભ્યાસ કરાયો.

આ પ્રસંગે આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ મૉકડ્રીલને વધુ સાર્થક અને સફળ બનાવવા તમામ સંલગ્ન વિભાગ અને સંસ્થાઓને માર્ગદર્શન આપ્યું. તેલ અને રસાયણ ઉદ્યોગમાં ભવિષ્યમાં અકસ્માત સર્જાય ત્યારે ત્વરિત પ્રતિભાવ આપવા રાજ્યની તૈયારી , વિવિધ સરકારી વિભાગ અને ખાનગી ઉદ્યોગ વચ્ચે સંકલન અને માનવ સંશાધન તથા સાધનોની અસરકારકતા ચકાસવાના હેતુસર આ મૉકડ્રીલ યોજાશે.

. . . . . . . . .

# SURAT DRUGS SEIZED

સુરત વિમાનમથક પરથી અંદાજે એક કરોડ 42 લાખ રૂપિયાના કેફી પદાર્થ સાથે આંતર-રાષ્ટ્રીય પ્રવાસી પકડાયો છે. સત્તાવાર યાદી મુજબ , ગઈકાલે સાંજે સાડા સાત વાગ્યે બૅન્કોકથી સુરતની એક ઉડાનમાં એક શંકાસ્પદ પ્રવાસીના સામાનની તપાસ કરવામાં આવી. તેની પાસેથી ચાર કિલોથી વધુના વજનનો કેફી પદાર્થ મળી આવ્યો હતો. સુરત ગુનાશાખા , કસ્ટમ્સ અને કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ – C.I.S.F.ની ટુકડીએ સંયુક્ત કામગીરી કરી આ સફળતા મેળવી છે.

ન્યાયસહાયક તપાસ પૂર્ણ કર્યા બાદ ગુનાશાખાની ટુકડીએ પ્રવાસીને કસ્ટડીમાં લઈ વધુ તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# UNITY MARCH OVERALL

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરના તમામ વિધાનસભા મતવિસ્તારમાં પદયાત્રા યોજાઈ રહી છે.

ગાંધીનગર જિલ્લામાં પણ આવતીકાલથી પાંચ કાર્યક્રમ યોજાશે. દરમિયાન કલોલથી પદયાત્રાનો પ્રારંભ થશે તેમ જિલ્લા કલેક્ટર મેહુલ દવેએ જણાવ્યું.

**(બાઇટ- મેહુલ દવે – કલેક્ટર - ગાંધીનગર )**

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા અને શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ બોટાદમાં જિલ્લાકક્ષાની યુનિટી માર્ચ- પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. ગઢડાના ભીમડાદ ગામથી ટાટમ સુધીની પદયાત્રામાં વિદ્યાર્થીઓ અને કલાકારોએ કળા અને સંસ્કૃતિની વિવિધ ઝાંખી રજૂ કરી. પદયાત્રામાં જોડાયેલાં શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ પ્રતિક્રિયા આપી.

**(બાઇટ- રિવાબા જાડેજા – શિક્ષણ મંત્રી )**

તાપીમાં વ્યારાથી શરૂ થયેલી બે-દિવસની પદયાત્રાનું નિઝર ખાતે સમાપન થયું. રાજ્યમંત્રી જયરામ ગામીતની અધ્યક્ષતામાં યોજાયેલા  સમાપન સમારોહમાં સૌએ એકતાનો સંકલ્પ કર્યો.

કચ્છમાં ભુજ વિધાનસભાની પદયાત્રા માધાપર એમ.એસ.વી હાઈસ્કૂલ, સરદાર પ્રતિમા પાસેથી જ્યુબિલી ગ્રાઉન્ડ સુધી યોજાઈ. તેમાં કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ  , જિલ્લા કલેક્ટર સહિત આગેવાન, હોદ્દેદારો તથા નાગરિકો જોડાયા.

મહેસાણામાં બહુચરાજી વિધાનસભા મતવિસ્તારના મીઠા ગામથી મોટપ ચોકડી સુધી યોજાયેલી પદયાત્રાને પૂર્વ ગૃહમંત્રી રજની પટેલ સહિત અનેક સાંસદ જોડાયા.

સાબરકાંઠાના ખેડબ્રહ્મા વિધાનસભા વિસ્તારમાં લોકસભા સાંસદ શોભના બારૈયા અને રાજ્યસભા સાંસદ રમીલા બારાએ પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું.

. . . . . .

# NAVSARI ISRO STUDENT

નવસારીના વિદ્યાર્થી ભવ્ય પટેલની અમદાવાદમાં ભારતીય અવકાશ સંશોધન સંગઠન – ઇસરોના 10 દિવસના વૈજ્ઞાનિક તાલીમ કાર્યક્રમ માટે પસંદગી થઈ છે. વાંસદા તાલુકાની રંગપુર પ્રાથમિક શાળામાં ધોરણ આઠમાં ભણતા ભવ્ય પટેલ 15 નવેમ્બરથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં અવકાશ સંશોધન અને વિજ્ઞાન, ટૅક્નોલૉજી, ઇજનેરી અને ગણિત એટલે કે, સ્ટૅમ કારકિર્દી અંગે વિશેષ માર્ગદર્શન મેળવશે. પસંદ થનારા વિદ્યાર્થીઓને ઇસરોના વૈજ્ઞાનિકો સાથે મુલાકાત અને વૈજ્ઞાનિકોની કાર્યપદ્ધતિ, અવકાશીય ટૅક્નોલૉજી અંગે જાણવાની તક મળી છે.

ઉલ્લેખનીય છે કે , ગુજરાત વિજ્ઞાન અને ટૅક્નોલૉજી માટેની પરિષદ – ગુજકૉસ્ટ, અવકાશ ઉપયોગ કેન્દ્ર – સૅક અને ઇસરોના પ્રૉજેક્ટ ગ્રીન કૉલ એ રાષ્ટ્રીયકક્ષાનો કાર્યક્રમ છે. તેમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અવકાશ વિજ્ઞાન, ઉપગ્રહ ટૅક્નોલૉજી અને સંશોધનના વિવિધ પાસાઓ વિશે ઊંડું સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક જ્ઞાન મેળવી રહ્યા છે. જે તેમના ભવિષ્યની વૈજ્ઞાનિક ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે માર્ગ પાયારૂપ બની રહેશે.

. . . . .

# WEATHER UPDATE

રાજ્યમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આ સાથે જ રાજ્યના મોટા ભાગના શહેરોમાં રાત્રે અને વહેલી સવારના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતાં ઠંડી વધી છે. હાલમાં 10 પૂર્ણાંક પાંચ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે કચ્છનું નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે.

. . . . . . . . .

# ROAD REPAIRING OVERALL

રાજ્યભરમાં માર્ગોના સમારકામ તથા નવા માર્ગ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. કચ્છમાં મુન્દ્રા તાલુકાના લુણીથી હમીરામોરા માર્ગનું માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ મુન્દ્રા દ્વારા નવીનીકરણ હાથ ધરાયું. 5.2 કિલોમીટર લંબાઈના માર્ગના નવીનીકરણ માટે સરકાર દ્વારા 2 કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરવામાં આવી છે. સુરેન્દ્રનગરમાં પાટડી ગામે પણ માર્ગની કામગીરીનો પ્રારંભ કરાયો છે.

. . .

# RAILWAY AAVAK

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે એપ્રિલથી ઑક્ટોબર સુધી ઉત્તમ પ્રદર્શન કરીને અંદાજે 29 મિલિયન ટનથી વધુ માલસામાનનું વહન કરીને ત્રણ હજાર 865 કરોડ રૂપિયાથી વધુની આવક મેળવી છે. આ સામાન ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ 6 ટકા જેટલુ વધુ છે.

કુલ માલ વહન , સરેરાશ રેલવેના ડબ્બાના વહન અને સામાનની આવક ત્રણેયમાં અમદાવાદ મંડળા ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે.

. . . . . .

# MANUSH SHAH BRONZE

વડોદરાના ખેલાડી માનુષ શાહે રાષ્ટ્રીય સ્તરની ટેબલ ટેનિસ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. હરિયાણા ટેબલ ટેનિસ સંગઠનના ઉપક્રમે પંચકુલા ખાતે યોજાયેલી ચોથી રાષ્ટ્રીય સ્તરની આ સ્પર્ધામાં તેમણે આ સિદ્ધિ મેળવી. તેઓ સેમિ-ફાઈનલમાં હારી જતાં તેમને કાંસ્ય ચંદ્રક મળ્યો છે.

અગાઉ આ સ્પર્ધામાં 24 વર્ષના માનુષ શાહે દિલ્હીના આર્જવ ગુપ્તા સામે રાઉન્ડ ઑફ 16-ની મૅચ જીતીને વિજયી પ્રારંભ કર્યો હતો. ક્વાર્ટર ફાઈનલમાં તેમણે PSPBના સ્ટાર ખેલાડી અને ગુજરાતના જ હરમિત દેસાઈને હરાવ્યા હતા.

. . . . . . . . . .

# CRICKET RISING STAR

ACC પુરુષ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ 2025 ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે દોહામાં અંતિમ લીગ સ્ટેજ મુકાબલામાં ભારત-એ અને ઓમાન-એ સામસામે હશે. ભારતીય સમય મુજબ, કતરના દોહામાં આ મેચ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. ભારત માટે આજની મેચ ઘણી મહત્વની છે. ભારત અને ઓમાનના બે મેચથી બે-બે પૉઈન્ટ છે અને આજની વિજેતા ટીમ સેમિ-ફાઈનલમાં પહોંચશે.

. . . . . . . . . . . . .